सत्यमेव जयते

# સુરતના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) સાહેબની કોર્ટમાં, મુ. સુરત

**ફોજદારી કેસ નંબર– ૩૧૯૪/૨૦૨૪**

**આંક–૨૩**

**::નમૂના – અ::**

| **મે.સુરત ના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે) સાહેબની કોર્ટ સમક્ષ, મુ.સુરત** | |
|---|---|
| ચુકાદા ની તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ |
| ફો. કે. સંખ્યા | ૩૧૯૪/૨૦૨૪ |
| **ગુના ની વિગત** | |
| ગુના ની કલમ | પ્રોહી. એકટ. કલમ–૬૫ (ઈ), ૧૧૬(બી), ૮૧ |
| પોલીસ સ્ટેશન | સુરત રેલ્વે પોલીસ સ્ટેશન |
| ફરિયાદી પક્ષ | સરકાર શ્રી |
| રજૂઆત | વિ. મદદનીશ સરકારી વકીલ શ્રી. માર્ટીન પરમાર |
| આરોપી પક્ષ | **(૧)સુશાંત કાશીનાથ શેટટી(ફરાર),**<br>ઉ.વ.૨૬, ધંધો : મજુરી,<br>રહે.સંજયનગર રોડ નં.૦, ઝુંપડપટટી ઉધના સુરત.<br>મુળ રહે.ગામ.થાના પટટમુંડાલી જિ.ગંજામ (ઓડિસા).<br>**(૨)ગંગાબેન સુમનભાઇ ભીખુભાઇ કોળી પટેલ,**<br>ઉ.વ.૪૫, ધંધો : મજુરી,<br>રહે.નગાફળિયું વણગામ તા.ગણદેવી, જિ.નવસારી |
| રજૂઆત | – |

**::નમૂના – બ::**

| | |
|---|---|
| ગુના ની તારીખ | ૨૩/૦૭/૨૦૧૮ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૨૩/૦૭/૨૦૧૮ |
| આખરી અહેવાલ ની તારીખ | ૨૭/૦૮/૨૦૧૮ |

| | |
|---|---|
| તહોમતનામા ની તારીખ | ૦૮/૧૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયા ની તારીખ | ૨૨/૧૨/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| ચુકાદા ની તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ |
| સજા હુકમ ની તારીખ (લાગુ પડે તો) | – |

**::આરોપી ની વિગત::**

| આરોપીનું અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યુ / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફો. કા. સંહિતા ની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **સુશાંત કાશીનાથ શેટટી (ફરાર),** ઉ.વ.૨૬, ધંધો : મજુરી, રહે.સંજયનગર રોડ નં.૦, ઝુંપડપટટી ઉધના સુરત. મુળ રહે.ગામ.થાના પટટમુંડાલી જિ.ગંજામ (ઓડિસા). | ૨૩/૦૭/૨૦૧૮ | ૨૪/૦૭/૨૦૧૮ | પ્રોહી. એકટ કલમ–૬૫ (ઈ), ૧૧૬ બી) ૮૧ | શંકાનો લાભ | – | – |
| ૨ | **ગંગાબેન સુમનભાઇ ભીખુભાઇ કોળી પટેલ,** ઉ.વ.૪૫, ધંધો : મજુરી, રહે.નગાફળિયું વણગામ તા.ગણદેવી, જિ.નવસારી | ૨૪/૦૭/૨૦૧૮ | ૨૪/૦૭/૨૦૧૮ | પ્રોહી. એકટ કલમ–૬૫ (ઈ), ૧૧૬ (બી) | શંકાનો લાભ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૮૧ | | | |

**::નમૂનો ક::**

**ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષી ની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| **અનુ.નં.** | **સાહેદનું નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ફ.સ.૧ | ગંભીરસિંહ ધીરુભાઇ સોલંકી | ૧૪ | ફરિયાદી |
| ફ.સ.૨ | દિનેશ ભોલાનાથ સરોજ | ૧૬ | પંચ |
| ફ.સ.૩ | કીરીટસિંહ ભુરસિંહ | ૧૯ | ત.ક.અ. |

**બ. બચાવ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવા નો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | – | – |
| બ.સ.૨ | – | – |

**ક. બચાવ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવા નો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |
| ન્યા.સ.૨ | – | – |

નોંધ – ઉપરોક્ત સાક્ષી ના પુરાવા ના પ્રકાર માં લાગુ પડતો પુરાવા નો પ્રકાર જેમ કે, નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી, નિષ્ણાત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી તરીકે સંબોધવું.

**ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના આંક ની યાદી**

**અ. ફરિયાદ**

| **અનુ.નં.** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | ૧૫ | ફરિયાદ |

| | | |
|---|---|---|
| ૨. | ૧૭ | પંચનામુ |

**બ. બચાવ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક બ–૧/બ.સ. ૧ | – |
| ૨. | આંક બ–૨/બ.સ. ૨ | – |

**ક. ન્યાયાલય આંક**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ન્યા–૧/ન્યા.સ. ૧ | – |
| ૨. | આંક ન્યા–૨/ન્યા.સ. ૨ | – |

**ડ. ભૌતિક પદાર્થ:**

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ભૌ. પ. ૧ | – |
| ૨. | ભૌ. પ. ૨ | – |

| |
|---|
| શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી માર્ટીન પરમાર<br>આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી ભરત વી.શાહ |
| ગુન્હો:ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઇ), ૧૧૬ (બી), ૮૧ |

(૧) **<u>ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–</u>**

આ કામના આરોપીઓ તા.૨૩/૦૭/૨૦૧૮ ના રોજ કલાક.૨૦/૩૦ વાગે ઉધના રેલ્વે સ્ટેશન પ્લે નં.૧ ઉપર મુંબઇ અમદાવાદ પેસે.ટ્રેનના ગાર્ડથી આગળના બીજા જનરલ કોચમાં એકબીજાની મદદગારી કરી ગુજરાત રાજય પ્રોહી પ્રતિબંધિત એરીયામાં વગર પાસ પરમીટે ગુરા.પ્રોહી એરીયામાં પરપ્રાંત બનાવટનો ઇંગલીશ દારુ પોતાના કબજામાં રાખી હેરફેર કરતા પકડાઇ જઇ ગુનો કરી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઈ), ૧૧૬ (બી), ૮૧ મુજબનો ગુનો કરેલ હોય આ અંગેની ફરીયાદ સુરત રેલ્વે પો.સ્ટે.ગુ.ર.નં.૫૪૪૬/૧૮ માં નોંધાતા તે બાબતની તપાસ કરી પુરતો પુરાવો હોય ન્યાયિક કાર્યવાહી સારુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) **કોર્ટ કાર્યવાહી :–**

ત્યારબાદ આ કામના આરોપીઓને આ અદાલત ધ્વારા સમન્સ કરતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓને આંક– ૧૦ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આ કામે આરોપી નં.૨ ની આંક–૧૧ થી પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે, તેમજ આ કામે આરોપી નં. ૧ નાઓ હાજર રહેતા ના હોય તેની ગેરહાજરીમાં કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) **આરોપીઓનું વિશેષ નિવેદન :–**

ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેઓની સામેના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને ખોટો કેસ કરેલ છે.

(૪) **દલીલો :–**

અ) ***ફરીયાદપક્ષની દલીલ :–***

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી માર્ટીન પરમાર ને સાંભળવામાં આવેલ છે.

બ) ***બચાવપક્ષની દલીલ :–***

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી ની દલીલ છે કે ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામા નીષ્ફળ નીવડેલ હોય આરોપીને ફસાવી દેવા માટે ખોટો કેસ કરેલ હોય આરોપીઓને નીર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૫) ઉપરોકત હકીકતો તથા દલીલો ધ્યાને લેતા આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓ તા.૨૩/૦૭/૨૦૧૮ ના રોજ કલાક.૨૦/૩૦ વાગે ઉધના રેલ્વે સ્ટેશન પ્લે નં.૧ ઉપર મુંબઇ અમદાવાદ પેસે.ટ્રેનના ગાર્ડથી આગળના બીજા જનરલ કોચમાં એકબીજાની મદદગારી કરી ગુજરાત રાજય પ્રોહી પ્રતિબંધિત એરીયામાં વગર પાસ પરમીટે ગુરા.પ્રોહી એરીયામાં પરપ્રાંત બનાવટનો ઇંગલીશ દારુ પોતાના કબજામાં રાખી હેરફેર કરતા પકડાઇ |

| | |
|---|---|
| | જઇ ગુનો કરી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–(ઈ), ૧૧૬ (બી), ૮૧ મુજબનો ગુનો કરેલ છે ? |
| ૨) | શુ હુકમ ? |

(૬) ઉપરોકત મુદાનો મારો જવાબ નીચે મુજબ છે.

(૧) '' નકારમાં, ''

(૨) ''આખરી હુકમ મુજબ.''

(૭) આ માટેના કારણો નીચે મુજબ છે.

**–:: પુરાવાનુ મુલ્યાંકન ::–**

**મુદા નં.–૧ ની ચર્ચા :–**

એવીડેન્સ એકટની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે. આ કામે સાહેદોનો પુરાવો ધ્યાને લઈએ તો,

**કલમ: ૬પઈ કેફી પદાર્થ અથવા ભાંગ ગાંજાના ગેરકાયદેસર આયાત વગેરે માટે શિક્ષા**

*જે કોઈ વ્યકિત આ અધિનીયમની જોગવાઈઓનુ કે તેની બે બનાવેલ નિયમો, નિયમનો અને હુકો અથવા તે નિચે અપાયેલ લાયસન્સ, પરમીટ, પાસ, અથવા અધીકાર પત્રની ભંગ કરી :*

*એ. XXX*

*બી. XXX*

*સી. XXX*

*ડી. XXX*

*ઈ. (અફીણ સિવાયનો બીજો) કેફી પદાર્થ અથવા ભાંગ–ગાંજો કબજામાં રાખે, હેરફેર કરે, વેચે અથવા ખરીદે, અથવા*

*એફ. XXX*

*જી. XXX*

*તેને દોષીત ઠર્યે, આવા દરેક ગુના માટે,કેદ જે દશ વર્ષ સુધી લંબાવી શકાશે અને દંડ, જે રૂ. પાંચ લાખ સુધી લંબાવી શકાશે તે સજા થશે.*

*એવી જોગવાઈ કરાવમાં આવે છે કે, ન્યાયાલયે ચુકાદામાં વિરુધ્ધના વિશિષ્ઠ અને પુરતા કારણો જણાવવામાના અભાવે –*

*(૧) પ્રથમ ગુના માટે, આવી કેદ બે વર્ષ કરતા ઓછી ન હોવી જોઈએ અને દંડ એક લાખ રુપિયા કરતા ઓછો ન હોવો જઈએ ;*

*(૨) બીજા ગુના માટે, આવી કેદ ત્રણ વર્ષ કરતા ઓછી ન હોવી જોઈએ અને દંડ બે લાખ રુપિયા કરતા ઓછો ન હોવો જઈએ ;*

*(૩) ત્રીજા અને ત્યાર પછીના ગુના માટે, આવી કેદ સાત વર્ષ કરતા ઓછી ન હોવી જોઈએ અને દંડ પાંચ લાખ રુપિયા કરતા ઓછો ન હોવો જઈએ ;*

**પુરાવાનુ મુલ્યાંકન : –**

(૯) ઉપરોકત કલમો અન્વયે હાલના કેસમાં જોવામાં આવે તો, આ કેસમાં ફરીયાદીનો એવો આરોપ છે કે, આ કામનાં આરોપી પાસે થી પ્રોહીબીશન એકટ મુજબનો પ્રતિબંધીત વિદેશી દારુ આરોપીના કબજા કે ભોગવાટા માંથી ગેર કાયદેસર રીતે મળી આવેલ છે.

(૧૦) આ કામે પંચ શાહેદ ફરીયાદપક્ષને સહેજ પણ સમર્થન આપતા નથી, પંચ સાહેદોએ પોલીસ દ્વારા એક તૈયાર પંચનામામાં સહી લીધાનું કબુલ કરે છે તે સિવાય પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી અને આથી તેની જુબાનીથી પંચનામું સાબિત થતું નથી, જયારે ફરીયાદ પક્ષે આરોપી ના કબજા માંથી મુદ્દામાલ મળી આવેલાનુ સાબીત કરવા માટે પંચ શાહેદ તે મહત્વના શાહેદ છે અને તે મહત્વના શાહેદ જ ફરીયાદ પક્ષને સમર્થના આપતા નથી, વધુમાં જયારે પંચોએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તે સબબ સને ૧૯૯૧(૧) જી. એલ.એચ. ૪૩૩ ઉપર પ્રસિધ્ધ થયેલ ધીરજલાલ ગાંડાભાઈ વિ.સ્ટેટનો ચુકાદો જોતા તેમાં ના.એપેક્ષ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત થયેલ છે કે, પંચ સાહેદો ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપતા ન હોય અને મુદૃામાલ બોટલો ઉપર પંચોની સહીવાળી કાપલી ન મુકેલ હોય તો કલમ ૧૧૬ બી મુજબનું અનુમાન ઉદભવી શકે નહી. તેમજ ૧૯૯૫ ક્રિ.લો. જનરલ ૨૬૬૨ ઉપર પ્રસિધ્ધ થયેલ સૈયદ મોહંમદ વિ. સ્ટેટ ઓફ ગુજરાતનાં પેરા ૧૨ માં જણાવેલ સિધ્ધાંત અનુસાર જયારે મુદૃામાલ આર્ટીકલ આરોપીઓઓનાં કબ્જામાંથી મળી

આવે અને પંચસાહેદો ધ્વારા તે હકીકતને સમર્થન મળેલ ન હોય ત્યારે ફરીયાદપક્ષે દારૂ આરોપીઓનાં કબજામાથી મળેલ તે અંગેની હકીકત નબળી બની જાટય છે. જેથી ઉપરોકત ચુકાદાઓ મુજબ પંચસાહેદોનો પુરાવો મહત્વનો નિર્ણાયક છે અને પોલીસે જેથી પંચોની પસંદગીમાં કાળજી રાખવી જોઈએ.

( ૧૧ )  પોલીસ સાહેદોએ ગુનાની હકીકતોને સમર્થન આપેલ છે. તેમની ઉલટતપાસ જોતા તેમાં ગુનાવાળી જગ્યા વસ્તી ધરાવતો વિસ્તાર હોવાની હકીકત કબુલ રાખે છે. અને તેનો અર્થ એવો થાય છે કે બનાવ વાળી જગ્યાએ અન્ય સ્વતંત્ર શાહેદો ઉપલબ્ધ હતા તેમ છતા પણ આ કામે કોઈ સ્વતંત્ર શાહેદોના નિવેદનો લીધેલ નથી, આ કામે પોલીસને અગાઉ થી જ બાતમી હતી તેમ છતા પણ પંચો સીવાય અન્ય કોઈ સ્વતંત્ર શાહેદના નિવેદન લેવામાં આવેલ નથી.

( ૧૨ ) આ કામે પ્રોહીબીશનનો પ્રતિબંધીત જથ્થો મળી આવેલ છે તે સ્થળ જાહેર છે અને પંચો પંચનામાને સમર્થન કરતા નથી ત્યારે કહેવાતો મુદ્દામાલ મળી આવેલ છે તે આરોપીના કબજા ભોગવટામાંથી જ મળી આવેલ છે તેવી હકીકકત પુરવાર થતી નથી.

( ૧૩ ) આરોપી નં.૧ નાઓને અનેક વાર સમંસ વોરંટ કરવા છતા પણ આરોપી મળી આવેલ નથી અને તેથી આરોપીની ગેર હાજરીમાં પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે અને વિશેષ નિવેદન ડીસ્પેન્સ વિથ કરવામાં આવેલ છે તથા દલીલ નો હકક બંધ કરવામાં આવેલ છે ત્યારે સીઆરપીસીની કલમ ૩૫૩ ( ૬ ) વંચાણે   લેતા તેમાં આરોપીની ગેર હાજરીમાં ઠરાવ જાહેર કરી શકાય તેવી જોગવાઈ હોય ઘણા સમય થી આ કેસ પેન્ડીંગ હોય આરોપીની ગેરહાજરીમાં ઠરાવ જાહેર કરવો ઉચીત જણાઈ આવે છે.

આમ, સમગ્ર પુરાવો જોતા, પંચો સમર્થન કરતા નહી હોય, કોઈ સ્વતંત્ર શાહેદના નિવેદનો લીધેલ નહી હોય અને મળેલ મુદ્દામાલ આરોપીના કબજા ભોગવટા માંથી જ મળી આવેલ છે તેમ સાબીત કરી શકેલ નહી હોય ફરીયાદપક્ષ આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઈ), ૧૧૬ (બી),  ૮૧  મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ આથી નકારમાં આપું છું અને મુદ્દા નં.૨ અંગે  નીચે મુજબનો આખરી હુકમ કરુ છું

**<u>–:: હુ ક મ ::–</u>**

આ કામના આરોપીઓ **(૧)સુશાંત કાશીનાથ શેટટી(ફરાર),** રહે.સંજયનગર રોડ નં.૦, ઝુંપડપટટી ઉધના સુરત, મુળ રહે.ગામ.થાના પટટમુંડાલી જિ.ગંજામ (ઓડિસા), **(૨)ગંગાબેન સુમનભાઇ ભીખુભાઇ કોળી પટેલ,** રહે.નગાફળિયું વણગામ તા.ગણદેવી, જિ.નવસારીનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અને ૩૫૬(૩) મુજબ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઈ), ૧૧૬ (બી), ૮૧ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ દારૂ અપીલ સમય બાદ નાશ કરવા અર્થે પ્રવર્તમાન નિયમોનુસાર તેઓના ઉપરી અધિકારીની પરવાનગી મેળવી ઉપરી અધિકારીની હાજરીમાં નાશ કરવાનો રહેશે.

આરોપીઓએ સી.આર.પી.સી. કલમ–૪૩૭(એ) અન્વયે વધુ છ માસના સમયગાળા સુધીના રુ.૫૦૦૦/–ના જામીન રજુ કરવાના રહેશે.

હુકમ આજરોજ તારીખ ૧૭ મી માર્ચ ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૭/૦૩/૨૦૨૬

સુરત .

**(પંકજ રાઠોડ )**
જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
સુરત, (જી.જે.૦૧૪૬૮)